.. કેશવલાલ

મેસાણાના,

ગીતિ.

પ્રીયબંધુ છો માહારા,
દુખ દાળીદ્ર આપ માહરાં હરશો;
ચુક હોય જો માહારી,
સ્વીકારીને માફ તમો કરશો.

અમદાવાદ

માણેકચોક આગળ કાગદીઓળની સામે
શા૦ હીરાભાઈ પુંજાસાના મકાનમા
"અમવાદ ટાઈપ્સ પ્રેસ"માં
શા૦ કાળીદાસ સાંકળચંદે છાપ્યું.

સંવત ૧૯૪૨ સને ૧૮૮૬.

કીમત ૨ આના

२६५५

પ્રસ્તાવના

આ ઉપરથી સરવે સજ્જનોને વીનંતી કરૂં છું કે આ રીતે કોઈ પણ દેખી પેખીને કજોડું કરશો નહી ને આ કરવાથી એના મા બાપને કેટલું દુખ થયુ ને વળી કુટંબનો નાશ થયો વાસ્તે આ પ્રમાણે નહી કરો એવી આશા છે.

સહી.

ઠકર. શીવલાલ કેશવલાલ

મેસાણાના.

૨૬૯૫

કજોડા દુખદર્શક ફારસ.

પ્રવેશ ૧ લો.

પાત્ર.

મનસુખશેઠ. તેનો ગુમાસ્તો મગન તથા શેઠાણી શેઠની સ્ત્રી વીગેરે.

સ્થળ મનસુખશેઠનું ઘર.

મનસુખશેઠ—અલ્યા મગન આમ આવની તારી શેઠાણીને બોલાવ ને તું આટલી વાર કયાં ગયો હતો.

મગન--શેઠજી ઉઘરાણી ગયો હતો તે પાંશરો હેંડયો આવ્યો છું.

મનસુખ—ઠીક જા તારી શેઠાણીને બોલાવ.

મગન—શેઠજી રૂપીઆ દોઢ આપો છો ને વળી ઘરનું કામ બતાવો છો તેથી તમારી ગુમાસ્તી મારે કરવી નથી.

મનસુખ--ઠીક જા ડાહ્યો ન થા.

મગન—શેઠ આજ તો જાઉં છું પણ હવેથી નહી જાઉં. મગન શેઠાણીને બોલાવી લાવે છે. (શેઠને) શેઠ આપણી શેઠાણીને બોલાવી લાવ્યો જુવો આ આપણી શેઠાણી આવ્યાં.

મનસુખ—અલી તું કયાં ગઈતી?

શેઠાણી—હું તો જરા બાહારે ગઈ હતી. પણ તમે કયાં ગયા હતા એતો કહો.

મનસુખ—અલી આજે હું બજારમાં ગયો હતો ત્યાં કેટલાક વેપારીઓ મળી વાતો કરતા હતા કે મન સુખશેઠના ઘરમાં ખાવાનું ખુટયું કે છોડીને વરસ ૧૯ થયાં પણ પરણાવતા નથી.

પરસન—(શેઠની વહુ) ઓહો! ઓહો! શું છે તે બધાને ત્યાં થાય છે કે આપણે ત્યાંજ નવાઈ છે. પણ આપણો રવચંદ કયાં ગયો.

રવચંદ—બાપા હું નીશાળે જઈ આવ્યો.

મનસુખ—બેટા રવચંદ જા પેલા ઉમીઆશંકર બ્રામણને તેડી લાવ. અલ્યા મગન તું પણ રવચંદના સંગાથે જા.

મગન—મારી ભુત જાણે કે ઉમીઆશંકર બ્રામણ ક્યાં મુવા હશે. મારા તે શા ભોગ લાગ્યા તે તમારા ભેગો રહયો.

મનસુખ—જા શીકોતે. પટેલીઆના વાસમાં રહેછે

તડીને વેહેલો આવજે.

મગન તથા રવચંદ--એ હાર. (એમ કહી જાયછે).

રવચંદ--ઉમીઆશંકર બ્રામણને બોલાવીને બાપા એ બાપા આ ગોર આવ્યા.

ઉમીઆશંકર ગોર--કેમ શેઠ આજે અમારૂં શું કામ પડયું કે જેથી મારે સંધ્યા છોડીને આવવું પડયું.

મનસુખ--મહારાજ અમારી છોડી ચંચળ ઘણી મોટી થઈ છે વાસ્તે એના સારૂ વેવાઈશાળ કરવાનો છે વાસ્તે તમો સોધી લાવો ભણેલો ને વીસ વરસનો ને રૂપવાન ને હુશીયાર સોધી લાવજો. પણ વેલા આવજો હો!!

ઉમીઆશંકર બ્રામણ--વારૂ શેઠ જાઉ છું (જાયછે) રસ્તામા વીચાર કરેછે કે વીસ વરસનો કદાપી ન મળે તો દસ દસ વરસના બે લાવું એમ શેઠને પુછી જાઉ.

ઉ૦ બ્રામણ--શેઠ એ શેઠ- શેઠ એ સેઠ-

મનસુખ--કેમ વળી પાછા આવ્યા. વળી શું કાંઈ ભુલ્યા કે શુ.

ઉમીઆશંકર--ભુલ્યા તો કંઈ નથી પણ શું કે રીએ જજમાનનું કામ વાસ્તે અમારે કર્યા વગર ચાલે. અમારે તો જજમાનનું જેમ સારૂ થાય એમ કરવું.

મનસુખ--કહો શું કહોછો.

ઉ૦ બ્રા૦--જુવો હું તો એ કહુ છું કે કદાપી ચાર દીશ ફરી વળુ ને એવો વીસ વરસનો સુરતીઓ ન

મળે તો દસ દસ વરસના બે લાવું કેમ શી મરજી છે તમારી મરજી પ્રમાણે કરીએ.

મનસુખ—આ શું મહારાજ શું બોલો છો.

ઉ૦ બ્રા૦—શેઠ હું તો ખોટું કહેતો નથી જુવો કે દાપી બધે ફરી વળ્યા પણ વીસ વરસનો મુરતીઓ ન મળે તો દસ દસ વરસના બે લાવું કે નહી.

મનસુખ—વારૂ મહારાજ જેમ તમારી નજરમાં આવે તેમ કરજો. પણ વેગાસર આવજો.

ઉ૦ બ્રા૦—એ હારૂં. (જાય છે)

પ્રવેશ ૨ જો.

પાત્ર. વીરચંદનું ઘર.

વીરચંદ—અલી એ મારી અલી તું અહીં આવ.

દીવાળી—એ આ આવી.

વીરચંદ—અલી તું ક્યાં ગઈતી.

દીવાળી—હું તો જરા દરસન કરવા ગઈ હતી પણ વારૂ તમે કયાં ગયા હતા.

વીરચંદ—હું પણ દરસન કરવા ગયો હતો.

દીવાળી—વારૂ એતો ઠીક પણ આપણો કરમચંદ કયાં ગયો છે.

વીરચંદ—મને શી ખબર તારી સાથે હતો ને.

કરમચંદ—બાપા એ બાપા મને તો કુંતડો કરડો.

વીરચંદ—બેટા તને કુંતરો કયાંથી કરડો.

કરમચંદ—આપણા ફળીઆમાં ભમતા હતા ત્યાંથી કરડો. અલલલ બલતલા બળે છે.

દીવાળી—બેટા તે કુતરાને કાંઇ કહ્યું હશે.

કરમચંદ—મેંતો કાંઇ કહ્યું નથી.

દીવાળી—કહ્યા વીના તે કરડે.

કરમચંદ—બાપા મીતો એમ કહ્યું કે કાલીઆ કુંતલા, વાલીમાં મુતલો, બાવાજી બોલાવે સે સે કાલીઆ તું તું. એમ કહ્યું કે આવતાંને કલો.

વીરચંદ—જા દવાસાળામા જઇ દવા ચોપડાવી આવ ને વેલો આવજે.

વીરચંદ—અલી એ અલી જોને બારણે કોણ ધાંટા પાડે છે.(જોઇ આવીને)

દીવાળી—એતો કોઇ બ્રામણ છે.

વીરચંદ—કોણ બ્રામ્હણ છે બોલાવ.

દીવાળી—માહારાજ અહી આવો. (આવેછે)

વીરચંદ—કેમ મહારાજ અમારા જેવું કામ હોય તો કહો.

બ્રામણ—શેઠ તમારા જેવુંજ કામ પડયું છે.

વીરચંદ—કહો શું કામ પડયું છે.

બ્રામણ—શેઠજી હું ઉજેણીમાંથી આવ્યો છું ને

વેવીશાળ લાવ્યો છુ તમારી મરજી હોય તો મનસુખ શેઠને ત્યાં એક છોડી છે.

દીવાળી—માહારાજ કન્યા કેટલા વરસની છે.

બ્રામણ—પંદર વરસની ને ભણેલી ને હુંશીઆર છે. જો તમારી મરજી હોય તો કરીએ. પછે તો તમારી મરજી આપો.

દીવાળી—માહારાજ અમારે ત્યાં ઘણાએ નાળીએર આવી ગયાં પણ કોઈને હા પાડી નથી. તમારી મરજી છે તો નાળીએર લઈએ છીએ.

બ્રામણ—શેઠજી મને રસ્તામાં ભુખ લાગવાથી નાળીએર તો ખાઈ ગયો છુ પણ રૂપીઆ છે તે લો.

(રૂપીઆ આપે છે)

વીરચંદ—માહારાજ કરમચંદના ગ્રહ જુવોને. (જુવે છે)

બ્રામણ—બહુ હારૂં. શની ઉડયો, રવી કુંદયો શેઠની પાઘડીએ મંગળ બેઠો છે.

બ્રામણ—શેઠ તમારી પાઘડીએ મંગળ બેઠો છે.

વીરચંદ—શેઠાણી માહારાજને કંકુના કરાંવો.

બ્રામણ—બહુ સારૂ થયું કે નગરશેઠ વીરચંદને ત્યાં વેવીસાળ નકી થયા. માટે હવે માલો.

દીવાળી—વેવઈશાળ તો કર્યાં પણ ભાઈ તો કાળો અક્ષર કુટી મારે છે. માટે તેનું શું કરવું.

કરમચંદ— હેં હેં શું.

વીરચંદ—કરમચંદ નીશાળે જાઓ.

કરમચંદ—ના નહી જવાના મારો મા આવે તો જઈએ.

વીરચંદ—જા જા એને મુકી આવ.

દીવાળી—મારૂં તો માથુ દુખે છે.

કરમચંદ--બસ બસ એમ કહે.

દીવાળી--ચાલ કરમચંદ ચાલ મુકી આવું.

કરમચંદ—તારે સું છે તે અમે તો નહી જઈએ.

દીવાળી—રડ્યા તારે સું ભણીશ નહી તો ભીખ માંગીશ. (જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ નિશાળ.

છોકરાઓને મેતા ભણાવે છે.

મેતા—છોકરાઓ ચુપ. (શેઠાણી આવે છે)

મેતા—કેમ શેઠાણી આજ તમારૂ આવવું થયું.

શેઠાણી—માહારાજ આજે તો અમે આવ્યા છીએ પણ કરમચંદ શું શીખ્યો છે.

મેતા—શેઠાણી વીસે આંક પુરા,

શેઠાણી—વારૂં એક બે પલાખ પુછ જુવોને.

મેતો—કરમચંદ આમ આવ. બોલ ત્રણ દુ.

કરમચંદ—ત્રણ દુ.

મેતો—એક સવાયું.

કરમચંદ—એક સવાયું.

મેતો—એકાવન પુણું.

કરમચંદ—મા એ મા. એકાવણું પાણી કયે દાહાડે નવરાયો હતો તે આવડે.

દીવાળી—માહારાજ જો તમારાથી મારા કરમચંદને ભણાવી શકાય એમ હોય તો ઠીક નહીં તો ના કહો કેમ શો વિચાર છે.

મેતો—શેઠાણી તમારો કરમચંદ ગભરાઇ ગયો છે વાસ્તે બોલતાં શરમાય છે.

કરમચંદ—હા હા મા ખડી વાટ છે ગભડાનો છું.

શેઠાણી—વારૂં માહારાજ પણ હવે એના વેસવાળ કરયાં છે વાસ્તે જેમ બને તેમ જલદીથી ભણાવજો.

મેતો—શેઠાણી તમારા કરમચંદને પોપટ કરી આપું તો ખરી વાત પછી કેમ.

શેઠાણી—વારૂ મહારાજ (જાય છે).

મેતો—બે દુ.

કરમચંદ—ચાર.

મેતો—બે દોઢાને.

કરમચંદ—બે દોઢાને ત્રણ.

મેતા—હવે કેમ આવડ્યું.

કરમચંદ એતો માર મોએ ભુત પણ બીએ.

મેતા—અલ્યા કરમચંદ હું જરા છોકરાને બોલાવીને આવુંછું તું તારો પાઠ યાદ કરજે હો. (જાય છે)

કરમચંદ—આવો છોકરાઓ આપણ એક રમત રમીએ. એક સવાયું સવા, મોર બેઠો લવા, મોરને કાને કડી, બે સવાયા અઢી. એક ડોઢું દોઢ, લવાર બેઠો કોઃ, લવારની છોડી પરણું, બે ડોઢાને ત્રણ. એક અઢીઉ અઢીએ, આવો કુકડા લડીએ, કુકડની ભાગી ચાંચ, બે અઢીયાના પાંચ. (એવામાં મેતાજી આવે છે)

મેતાજી—કેમ કરમચંદ મસ્તી કરી કે એમ કહી લાત મારી કે કરમચંદ મેતાની પાઘડી લેઈને ઘેર નાશી ગયો.

પ્રવેશ.૪ થો.

સ્થળ ચંચળનું ઘર.

ચંચળ—રાત્રે પોતાના સયનગ્રહમાં સુતીછે ને ભય ભીત સ્વપનું આવવાથી ચીંતાતુર થઈ ગાયન કરે છે.

લલીત.

અરર એ પ્રભુ હું શુ રે કરૂં, દુખીઆરી થઈ ઝુરી હું મરૂં;
અરર એ પ્રભુ કોને કહું, પતી વીના હું કયાં સુધી રહું.

અરર એ પ્રભુ ક્યાં સુધીરે દુખ, પતી મેળવી આપે
મને સુખ;
જોબન માહરૂં એળેરે જાયછે, અરર એ પ્રભુ વૃથા થાયછે.

ગીતી.

જોઉ વાટ પીયુની, આજ પતી મમ કાજ તો લાવે;
નહી આવે જો પીય, નીશ્ચે મારો પ્રાણ તો જાવે.

ચંચળ—અરે મારા પીતાએ મને વર્ષ સોળ થયા છતાં મારા સગપણ કરવા વીશે વાત પણ કાઢતા નથી. ને મારો જોબન અવસ્થા ગયા બાદ શા કામનું પણ ખરેખરી વાત કે ખોટી મારા પીતાએ બ્રામણને મોકલેલ છે તે જો આજે મારો પતી, સોધી નહી લાવે તો, મારે મારા જીવનો નાશ કરવો એમાં કાંઇ સંસય નથી. હે પરમેશ્વર શું આ તમોને સારૂ લમે છે. પણ ના, નહી. આવું ગેરવ્યાજબી થવુ ન જોઇએ. હર હર પરમેશ્વર તને ગમે તે ખરૂં એમાં મારો કાંઇ ઉપાય નથી.

(મોતી ચંચળની સખી આવીને)

મોતી—(સ્વગત) કેમ મારી વાહાલી સખી ચંચળ આજ તારૂં દીલ ઉદાસીમાં દેખાય છે. તે મને તારા દીલની વાત જલદીથી કહે.

ચંચળ—(ઉદાસીમાં) અરે મારી વાહાલી પ્રાણપીયારી બેન મોતી મારા દુખની તને કયાં કાંઇ ખબર નથી મને શું પુછે છે.—

મોતી—અરે બેન મને જો ખબર હોય તો તને શા કારણથી પુછુ તે કહેને.

ચંચળ—મારી વાહાલી સખી તું મને વારંવાર સીદ પુછે છે. મને વારંવાર પુછવાથી મારૂં દીલ પણું એક ઉભરાઈ આવે છે પણ શું કરૂં મારી પ્રીય સખી મારા દુખમાં ભાગ કરનારી છે વાસ્તે તને કહું છું. બેન મને આશરે વરષ સોળ થયાં પણ મને મારા પીતા પરણાવતા નથી. હવે મારાથી પતી વીના રહી શકાતું નથી.

મોતી—અરે બેન તું શા કારણથી ઉદાસી દીલમાં ધરેછે. તારા પીતાએ બ્રામણ મોકલ્યોછે ને તે બ્રામણ સીદ્ધ કામ કરી આવ્યો છે વાસ્તે ચીંતા ન કર, પરંતુ તું કહે છે તે ખરી વાત છે કે ઉમર થઈ કે સ્વામી વીના કેમ ચાલે. જોને મને પણ પરમેશ્વરે રંડાપો આપ્યો તેથી હું પણ તારી ગોડે ઉદાસીમાં રહુંછું પણ એર મગનલાલની દોસ્તી કર્યા કેડે મને ઉદાસી નથી. ને હું તથા મારો પ્રાણ પ્યારો મગન બે જણું એક વખત ગામમાંથી ગયા હતાં પણ વાત જાહેર થવાથી પાછાં આવી રહ્યાં છીએ.

ચંચળ—અરે માહારી વાહાલી સખી તેં આવું કામ કર્યું ધીકાર છે તારા જીવતરને આ તારૂં મોઢું મારે જોવું નથી. (આટલુ કહેવાથી મોતી જાયછે

પ્રવેશ ૫ મો.

સ્થળ વીરચંદનું ઘર.

વીરચંદ—અલી હજુ કરમચંદ કેમ નહી આવ્યો વારૂ (આવે છે).

કરમચંદ—બાપા એ બાપા મેતાજીએ પાઘડી બંધાવા મુંકયો છે.

દીવાળી—બીજા છોકરાં કયાં ગયાં કે તને મુકયો. (મેહેતો આવે છે)

દીવાળી—મેતાજી કરમચંદને પાઘડી બંધાવવા મોકલ્યો છે તેને તેડવા આવ્યાછો કે શું.

મેતો—શેઠાણી કરમચંદને પુછો તો ખરા કે પાઘડી બંધાવા આવ્યાછો,

દીવાળી—કેમ કરમચંદ.

કરમચંદ—ના એતો હમ: હમ:

દીવાળી—માહારાજ તમારી પાઘડી લઈ જાઓ ને કરમચંદના વરઘોડામાં વેહેલા આવજો.

મેહેતો—મેહેતાના ત કયાં ભોગ લાગ્યા છે.

વીરચંદ—અલી તું અહી આવ ને તું કજી કેમ રહીછુ.

દીવાળી—માહારાજ તમો કયાથી આવ્યા ને કન્યાને કેટલા વરસ થયાછે ને લગન આડા ત્રણ દીવસ બાકી છે.

કરમચંદ—હાહા બાપા પલાવવાની વાતતો ભુલી ગયા કે.

દીવાળી—જા જા રડયા પરણી આવ જા.

કરમચંદ—મા તું ન આવે તો, ગીત કોણ ગાય.

દીવાળી— કરમચંદના બાપા તારે કન્યાના વાસ્તે ઘરેણું જોઇએતે વાસ્તે તેનું શું કરયું.

વીરચંદ—તે તારે સી ફીકર છે તું તારે જાને પેલા અમથા સોનીને કહ્યું છે તે કરી આપશે. પણ જા તું નોતરાં આપી આવ.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ રસ્તો.

ભામણ—હાથીશેઠ એ હાથીશેઠ

હાથી—કેમ લપા કેમ

ભામણ—તમારે ત્યાં નોતરાં છે

હાથી—કોના ઘરનાં.

ભામણ—વીરચંદના ઘરનાં.

હાથી—તેમને ત્યાં સું છે.

ભા—તેના છોકરા કરમચંદનું લગન છે.

હાથી—કયાં આગળ.

ભા—માતાની વાડીમાં વેલા આવજો.

હાથી—બહુ સારૂં.

પ્રવેશ ૭ મો.

સ્થળ મનસુખ શેઠનું ઘર.

ઉમીયાશંકર બ્રા--શેઠ એ। શેઠ જાન આવી છે, જુઓ તમારો જમાઇ જોયો પુનમનો ચાંદ.

મનસુખ--આવો વેવાઇ આવો જવાર જવાર જવાર.

કરમચંદ--સસલાજી સલામ સલામ છે (ઝાલીને)

બ્ર--લગનની સામગરી તઇયાર છે વારને વરનો મામો કોણ છે તેને બોલાવીને તઇયાર કરો.

વીરચંદ--હારૂં મ'હારાજ તઇયાર છે.

કરમચંદ--બાપા એ બાપા આપની બાયલી કાં છે.

વીરચદ--ગેસ છાનોમાનો.

બ્રાહ્મણ પરણાવે છે તે શ્લોક બોલે છે,

(કરમચંદને) બ્રાહ્મણ--હાથ જોડો સેઠ હાથ જોડ માંથું ફોડ, ચારે દીસે ચાર ઇટાળા નાંખ. તર બાણામાં થુંકો ને મારૂં સીધું હેઠું મુકો સ્વાહાઃ

બ્રા--વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો હોમ સ્વાહાઃ ચાલો હવે બેઠા થાઓ ફેરા ફેરવી ને જાનીવાસે જાઓ. (ફેરા ફેરવે છે ને બાઇરાં ફટા ણાં ગાય છે

ગીત ૧ લું.

અમે આવ્યાં ત્યાં રંગ ભેર રમવારે,
અમે આવ્યાં ત્યાં પરસન વહુને જોવારે;

એના જોયામાં શું જોયું રે,
એના હોઠ કાળાને દાંત રાતા;
છીનાળ વહુ એ પાતરના ચાળારે,

ગીત ૨ જું.

લાડી લાડો જમેરે કણસાર કે,
ઉપર પરસન ઢળવળેરે;
દીકરી,, મને આંગળી ચટાટડકે,
કંસાર કેવો ગળો લાગેરે;

ગીત ૩ જું.

સોળ વરશની સોમલી ને,
ફેરા ફરતાં ના આવડયા;
આજ કાલના કરમચંદને,
ફેરા ફરતાં આવડયા.
(પરણી રહયા કેડે. જાનને વીદાય કરેછે.)

ગીત ૪ થું.

સોનાનું સલેકડુ ને, વાયરે ઉડયું જાયરે;
વેવઇ તારૂં નાક વડાયું, જાન ભુખી જાયરે;
ભુજે માર્યાં ભુંય સુવાર્યાં, માંચણીએ ચટકાવ્યાંરે;
ખીચડીના હુંદા વાસ્તે, ખરા બપોરે કાઢ્યાંરે. વેવઇ૦

(જાય છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ ઘર.

કરમચંદ—આ તમને હું પગે લાગુછું.

દીવાળી--બચ્યા ઘરડો થા.

(કરમચંદ—એની બાયડી તરફ જોઇને.)

કરમચંદ—લે માલી બાપલી હું તાલા પગે લાગુ છું.

દીવાળી—અલ્યા કરમચંદ આ શું કરેછે બાયડીને કોઇ પગે લાગતું હશે કે.

કરમચંદ—મને સી ખબલ હું કઇ પરણો તો તે.

દીવાળી--જા બેટા તારા કાકાને તારા દાદાને પગે લાગી આવ.

કરમચંદ—હું એકલો જાઉ કે. (જાય છે)

ચંચળ—સાસુજી હું તમને પગે લાગું છું.

દીવાળી—ટાઢું પેટ વરતુ પીયર ચંચળ વહું દીકરા જણોને ઘર ભરો.

ચંચળ—સાસુજી હવે તમારે ઘરનો કસી ફીકર ચીંતા રાખવી નહી ને હું બધું કામ કરીશ. (કરમચંદ આવે છે ને)

દીવાળી—કરમચંદ તારી વહુ કહે છે તે હું તો કાંમ નહી કરૂં.

કરમચંદ—એ લાનનીના શા બારછે, આ ધોકાએ આમ મારૂં (મારેછે)

દીવાળી—તારૂં નખોદ જાય તું કેમ મારેછે મેરને જા તારા બાપને કેવા દેને. (કહે છે)

વીરચંદ--કેમ કરમચંદ તું મારે છે કે બાયડીને બાળીને ફાટી ગયો છે.

કરમચંદ—બાપા મારી બાયે કહ્યું કે કરમચંદ તાલી બાયડી કામ નથી કરતી તાલે મેં કહ્યું એ લાલા સા બાર સે ગધાલીને આમ માલુ. (મારે છે)

વીરચંદ—તારૂ નખોદ જાય ફાટો કે શું.

કરમચંદ--જાઓ તમાલા ઘલમાં બાપ તે હલામ બાએ અમોને બાગ આલો કે જુલા લઈએ.

પ્રવેશ ૯ મો.

સ્થળ સેતંગ.

ચંચળ—

લલીત.

અરરર પ્રભુ હાય હાયરે,
નસીબ માહરૂ ફુટયું ત્યાંપરે;
ધડ ઉખેડીને સીસ કાપીયાં,
સુખ ભુલાવીને દુખ આપીઆં;
ખમી સકી નહી કામ સુજતો,
ઝડપે ગોઠવી દુખ હોજતો;
પીતા વીના કહે બાલને સહુ,

અરરર કંથરે હુ સુંરે કહુ.

(સ્વગત) અરરરર હે પ્રભુ દીન દયાળ શીવ શીવ ભવીસ કાળ હોય તેમાં કાંઇ ફરક પડતું નથી માટે હવે શોક કરવાથી શું વળવાનું છે, ઓ ભગવાન મારી વારે થા.

કરમચંદ—માઇ ડીયર તું કયાં ગઇ હતી.

ચંચળ—મારા પ્રાણનાથ હું પાણી ભરવા ગઇ હતી.

કરમચંદ—અરે લાંડની પ્રાણનાથ કોને કહે છે.

ચંચળ—મારા વાહાલા, તમે આમ શું કરો છો.

કરમચંદ—આવ મારી વાહાલી આવ.

ચંચળ—મારા વાહાલા પતી તમે આમ શું કરો છો તમોને ઘટીત છે.

કરમચંદ—અરે લાંડની પ્રાણનાથ તો તારો બાપ પણ બંદાતો તારા ભાયલા છે.

ચંચળ—આવો મારા ભાયડા આવો.

કરમચંદ—અરે લાંડની મારા પગ દાબને (દાબે છે).

ચંચળ—મારા વાહાલા પતી આ પગે શું થયું છે.

કરમચંદ—એતો કુતલો કલોતો (એમ કહી રડે છે).

ચંચળ—અરે મારા મા બાપે કુવામાં ઉતારી છે માટે હવે શું કરવું. જે ઇશ્વર દાહાડા આપે તે સેહેવું ણ શું કરવું (એમ કહી રડે છે).

રાગ સીતાજીના મહીનાનો.

મારો પ્રાણપતી નાહાનું બાળ, હવે હું શું કરૂં;
માહારૂં જોબન એળે જાય, ઝુરીને હું મરૂં.
હું તો થાકી પ્રભુરે આવાર, સાસુ મારી દુષ્ટ છે;
મારી માને શી કહું પેર, પીતા તો કનીષ્ટ છે.
જેથી સારૂં પીતાનું થાય, એવું દીલમાં ધરે;
પણ ન જુવે નાતને જાત, ખોળો પોતાનો ભરે.
હવે શું રે કરવું આજ, જીવીને માહરે;
દેસ મણાં પીયરની માંહ, હું જઇશ તાહરે;

ચંચળ—અરે પ્રભુ હવે હું સું કરૂં પીતાએ પોતાનો સ્વારથ જોઇને મને પરણાવી, પરંતુ માહારાથી આવું દુખ સેહેવાસે નહી. (દીવાળી આવે છે).

દીવાળી—કેમ કરમચંદ કેમ રડે છે.

કરમચંદ—આ લાંડની મને મારે છે.

દીવાળી—આ પરમાણે અત્યારથી થાય છે તો હજુ આગળ શી રીતે નભસે વાસ્તે ચંચળ વહુ તમો તમારે પીયર જાઓ. કારણ કે તમારા પીતાએ બ્રામણને મોકલો છે વાસ્તે પીયર જાઓ.

ચંચળ—સાસુજી હું જવાને ખુશીછું પણ મારી એક વીનંતી સાંભળો કે તમોએ મને તો કુવામાં નાખી પણ આ પરમાણે કોઇ બીજીને ફંદામાં નાખસો નહી. ને હુ તમોને કહુંછું કે તમારૂં નખોદ જાજો (એમ કહી જાય છે).

કરમચંદ—આ મારી બાયડી ગઈ માટે બીજી પરનાવ.

પ્રવેશ ૧૦ મો.

બ્રામણ—કોણ ચંચળબાઈ.

ચંચળ—હા ભાઈ તું ઠીક થયું કે આવ્યો તને ઈશ્વરેજ મોકલ્યો માટે હવે ચાલો આપણે ઘેર જઈએ. (જાય છે.)

પરસન—સાંભળોછો કે આપણી ચંચળના કાંઈ સમાચાર ન આવ્યા.

મનસુખ—ઠીક હવે છોડી તો સાસરેજ સારીજ. (ચંચળ તથા બ્રામણ આવે છે તેને જોઈને.

પરસન--કોણ મારી વાહાલી ચંચળ તું આવી બા કે, લે ઠીક થયું કે આવી.

મનસુખ—કેમ ચંચળ તુ સાસરામાંએ જપી નહી કે.

ચંચળ—ધીકાર છે તમારા જેવા મા બાપને કે આ પરમાણે પોતાની છોકરીઓને કુવામાં નાંખે છે. . અરે પીતાજી હું શું કરૂં ધણી નાનો, સાસુ કરક, નણંદી નઠારી. માટે આ દુખ મારે કોને કહેવું, અરે માહારા દુરભાગ્ય નસીબનો વાંક કાઢવો. એમાં કોઈનો વાંક નથી. કેહેવતમાં પણ કહ્યું છે કે,

દુહો.

ઓછે કુખે અવતરી, દુખ તણો નહી પાર;
વણ મોતે મરવુ પડે, લેખ લખ્યા કીરતાર.

(ધીકાર છે મારા જીવતરને હવે મારે જીવીને શું કરવું એમ કહી મરે છે.)

પરસન—અરે માહારી વાહાલી પુત્રી તુ મને છોડીને કયાં ગઇ હવે મારે જીવીને શું કરવું માટે હું પણ તારી સંગાથે આવુ. (મરે છે)

મનસુખ—અરે ધીકાર છે આ રીવાજને ને ધીકાર છે આ જીવતરને અને ધીકાર છે પેલા નીચ બ્રામણને, કે પોતાના ખીસાં ભરી મારી છોડીને દુખમાં નાખી તેથી કુંટબનો નાશ થયો માટે હવે મારે પણ જીવવું યોગ્ય નથી, પરંતુ મારી એક વાત છે તે હે સદગ્રહસ્થો સુધન લોકો આ દાખલો જોઇ છોકરા છોડીનો વેવીસાળ કરતાં પેહેલો વીચાર કરીને કરવું કે જેથી આ પરમાણે દુખ ન થાય. હવે મારે જીવીને શું કરવું. (એમ કહી મરે છે) (પાત્રો સર્વ મળીને) ખેલ પુરો થયા બાદ

રાંગ કલ્યાણની ગજલ.

પ્રીયા પ્રીતે તરો, સાહાસ નવ કદી કરો;
કજોડા દુખ દરશક ફારસ દીલમાં ધરો. પ્રીયા૦
અસાણાનો રહીસ હું છું, અગોઠમાં છે ધામ.

અઉદીચ ગ્યાતી ઠાકર હુંછું, સીવ સંભુ માહારૂં નામ. પ્રી૦
હે સદગૃસ્તો કીધા પુરણ, ખાંતે ભજવી ખેલ;
ભુલ ચુકની માફી દેસો, નીતી માટ રચેલ. પ્રીયા૦
તસ્દી લેઈ તમો પધાર્યા, એ ઉપકાર અમાપ;
પધારસો પ્રીતથી ગૃસ્થો, અન્ય ખેલમાં આપ. પ્રીયા૦

સમાપ્ત.

જાહેર ખબર.

સુરવે દેશી સજનોને હું વીનંતી કરૂંછું કે અમારે
ત્યાંથી સંકરકત નામનું પુસ્તક ઓછી કીમત એટલે ફક
ત છ આનાથી આપવામા આવસે. પરગાનવાળાને
લ ખચ નોખું, નાટપેટ કાગળ લીધામાં નહી આ
વ ને જેને આ ચોપડીઓ મંગાવવાની જરૂર હશે તેઉ
સાહેબોએ નીચેના સરનામાથી પત્ર લખવો. સામટી રા
ખનારને ફાયદેસર આપવામાં આવશે.

ઠાકર. શીવલાલ કેશવલાલ સહી.
મેસાણા.